## **CGPA માંથી PERCENTAGEમાં રૂપાંતર કરવા અંગેની સુચના:**

જાહેરાતના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ કેટલીક યુનિવર્સિટીની માર્કશીટમાં ગ્રેડ પધ્ધતિ અનુસાર ઉમેદવારના કુલ ગુણમાંથી મેળવેલ ગુણ દર્શાવેલ હોતા નથી. આવા ઉમેદવારોએ જે તે યુનિવર્સિટીમાંથી કુલ ગુણ/મેળવેલ ગુણ અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે અને તે મુજબ ગુણ દર્શાવવાના રહેશે. જો ઉમેદવાર આ પ્રકારનું પ્રમાણપત્ર રજુ ન કરી શકે તો ગ્રેડ પધ્ધતિમાં દર્શાવેલ ગ્રેડના રેન્જની લઘુતમ ટકાવારી મુજબના ગુણ અરજીપત્રકમાં ભરવાના રહેશે.

જે તે યુનિવર્સિટીની CGPA માંથી PERCENTAGEમાં રૂપાંતર કરવા અંગેની FORMULA જુદી જુદી હોવાથી ઉમેદવારએ જે તે યુનિવર્સિટીની વેબસાઈટ પર જઈ CGPA માંથી PERCENTAGEમાં રૂપાંતર કરવા અંગેના પરીપત્રનો અભ્યાસ કરી પરિપત્રમાં દર્શાવ્યા મુજબ ગણતરી કરીને કુલ ગુણ દર્શાવવાના રહેશે.

અહી GUJARAT TECHNOLOGICAL UNIVERSITY તથા HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITYની વેબસાઈટ પરથી મેળવેલ CGPA માંથી PERCENTAGEમાં રૂપાંતર કરવા અંગેની FORMULA દર્શાવેલ છે જે નીચે મુજબ છે.

GUJARAT TECHNOLOGICAL UNIVERSITY:

Percentage = (CPI/CGPA-0.5) X10.

દા.ત. કોઈ ઉમેદવારએ 7.6 CGPA મેળવેલ છે જેનું Percentageમાં રૂપાંતર ઉપરોક્ત FORMULA મુજબ કરતા (7.6-0.5) X10 = 71% થાય જેથી ઉમેદવારએ ઓનલાઈન ફોર્મમાં કુલ ગુણમાં ૧૦૦૦ તથા મેળવેલ ગુણમાં ૭૧૦ **અથવા** કુલ ગુણમાં ૧૦૦ તથા મેળવેલ ગુણમાં ૭૧ દર્શાવવાના રહેશે.

HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY :

Percentage = CGPA X 10

દા.ત. કોઈ ઉમેદવારએ 6.60 CGPA મેળવેલ છે જેનું Percentageમાં રૂપાંતર ઉપરોક્ત FORMULA મુજબ કરતા 6.60 X 10 = 66.00 % થાય જેથી ઉમેદવારએ ઓનલાઈન ફોર્મમાં કુલ ગુણમાં ૧૦૦૦ તથા મેળવેલ ગુણમાં 660 **અથવા** કુલ ગુણમાં ૧૦૦ તથા મેળવેલ ગુણમાં 66 દર્શાવવાના રહેશે.